## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ખબર નથી પડતી, આજે મારે કડવા ચોથ છે... અને તમે ન જાણે ચારણી ધોયા પછી ક્યાં મૂકી દો છો...!!

# શહેરની ૬૦૦ બેડની હોસ્પિટલમાં ૮૧૧ દર્દીઓ સારવાર હેઠળ

સમગ્ર રાજયમાં વરસાદના વિરામ બાદ વાહકજન્ય રોગચાળાનો ઉપદ્રવ ખુબ મોટા પ્રમાણમાં વધી ગયો છે. રાજયના મોટા શહેરો સહિત પાટનગરમાં પણ ડેન્ગ્યુના કેસ દિવસે ને દિવસે વધુ માત્રામાં વધી રહ્યા છે.આ પરિસ્થિતિમાં શહેરમાં ડેન્ગ્યુ જીવલેણ સાબિત થયો છે, ત્યારે ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં આરોગ્ય તંત્ર દ્વારા ડેન્ગ્યુના કેસ વધે નહી અને રોગચાળો ફેલાય નહી તે પ્રકારના કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. તેમ છતા શહેરમાં ડેન્ગ્યુના કેસ વધતા જોવા મળી રહ્યા છે.ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક અઠવાડીયામાં ડેન્ગ્યુના ૨૨૭ કેસ નોંધાયા છે. જેમાં ૪૭ કેસ ડેન્ગ્યુના જિલ્લાના છે, તો બીજીતરફ ૧૧૦ કેસ ગાંધીનગર કોર્પોરેશનના છે. જયારે બાકી રહેલા અન્ય જિલ્લા બહારના હોવાનું માલુમ પડી રહ્યું છે.ત્યારે ડેન્ગ્યુ ઉપરાંત વાયરલ ફીવરના કેસ પણ હાલ સિવિલમાં અસંખ્ય જોવા મળી રહ્યા છે. બેવડી સિઝનમાં ગળામાં બળતરા, શરદી, કફ, ખાંસી, તાવના દર્દીઓ પણ નોંધનીય સંખ્યામાં છે. ડેન્ગ્યુ અને વાઈરલ બિમારીને પગલે સિવિલમાં દર્દીઓની સંખ્યામાં તોંતિગ વધારો થઈ ગયો છે.૬૦૦ બેડની સિવિલ હોસ્પિટલમાં ૮૧૧ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. મેડીસીન વિભાગના વધુ ૪ વોર્ડ ઉભા કરવા પડ્યા છે તેમ છતા દર્દીઓનો ધસારો રહે છે, જેને પગલે સિવિલ તંત્ર પણ ચિંતાગ્રસ્ત બન્યું છે. સિવિલ તંત્ર દ્વારા નવા વોર્ડ ખોલવા પડ્યા છે અને તમામ દર્દીઓને સારવાર સહિત અન્ય આનુસંગીક વ્યવસ્થા અને સુવિધા મળી રહે તે માટે સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડો. નિયતિ લાખાણી અને આરએમઓ ડો.રાજેન્દ્ર ચૌહાણ દ્વારા સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. તો બીજી તરફ બિન આરોગ્યપ્રદ રૂતુની અસર સિવિલમાં સીધી જોવા મળી રહી છે. જેમાં સામાન્ય દિવસોમાં ૧૫૦૦થી ૧૭૦૦ દર્દીઓ ઓપીડી સારવાર લે છે તેના સ્થાને હાલ ૨૨૦૦થી વધુ કેસ ઓપીડીમાં નીકળે છે. ત્યારે દર્દીઓના ધસારાને પહોંચી વળવા માટે સિવિલ તંત્ર કમરકસી રહ્યું છે.




ગાંધીનગરના સેક્ટર-૧૨ ખાતેની સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપી ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની રાજ્ય શાખાના સહયોગથી જિલ્લા શાખા દ્વારા થેલેસેમિયા અને હિપેટાઈટીસ-બી ના ટેસ્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૯૭ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો અને ટેસ્ટ કરાવ્યાં હતા. આ કાર્ય માટે રેડક્રોસની સ્ટેટ ટીમમાંથી કેમ્પ મેનેજર કિરણભાઈ ગમારા, ભરતભાઈ શ્રીમાળી, કોલેજના આચાર્ય ડૉ. વૈટીયાનાદન તથા પ્રો. મયુર સોલંકી અને જિલ્લા રેડક્રોસની ટીમમાંથી જીલુભા ધાંધલ, હિતેશભાઈ રાવલ, જે.એન. પરીખ, અશ્વિનભાઈ દવે વગેરેએ સેવાઓ પુરી પાડી હતી તેમજ થેલેસેમિયા જાગૃતિ પત્રિકાનું વિતરણ પણ કર્યુ હતુ.

## સેકટર-૨૨માં સોલાર બેટરીની ચોરી કરતી મહિલાને પોલીસે ઝડપી પાડી

ગાંધીનગર શહેરમાં મહાનગર પાલિકાના કોર્પોરેટરની ગ્રાન્ટમાંથી વિવિધ સ્થળો પર સોલાર લાઈટના વિજ પોલ ઉભા કરવામાં આવ્યા હતા. શહેરમાંથી અંધકારને ઉલેચવામાં આ વિજપોલ મહત્વના સાબિત થયા હતા. પરંતુ તંત્ર દ્વારા જાળવણીના અભાવે અને સોલાર વિજપોલ શોભાના ગાંઠીયા સમાન બની ગયા હતા. ત્યારે શહેરમાં ઠેરઠેર સોલાર બેટરીની ચોરીની પણ વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. ત્યારે સેકટર-૨૨ પંચદેવ મંદિર પાસે અડધી રાતે સોલાર વિજપોલ પર ચડી જઈને બેટરીની ચોરી કરતી મહિલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. ત્યારબાદ ચોરીનો આ વિડીયો વાઈરલ થતા ગાંધીનગર આર.આર.સેલના કર્મચારીઓએ ગણતરીની મિનીટોમાં જ મહિલાને પકડી પાડી હતી અને તેની પાસેથી બે બેટરી પણ કબ્જે લેવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરમાં વાહનચોરી, ઘરફોડ સહિતની ચોરીનો ઉપદ્રવ વધી ગયો છે. ત્યારે ચોરીમાં મોટાભાગે પુરુષ જ સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. ત્યારે સેકટર-૨૨માં પંચદેવ મંદિર પાસે મેડીકલ સ્ટોર નજીક આવેલા સોલાર લાઈટના વિજપોલની બેટરી ચોરી કરતી મહિલા સીસીટીવીમાં ઝડપાઈ ગઈ છે. અડધી રાતે એકલી આવેલી મહિલા વિજપોલ અને ઝાડના સહારે ઉપર ચડી ગઈ હતી અને સરળતાથી બેટરીની ચોરી કરી હતી. મહિલા બેટરી ઉંચકીને થોડાક અંતરે લઈ ગઈ હતી, ત્યારબાદ તેણે ઉભી રાખેલી પેંડલ રીક્ષા બેટરી મુકીને ફરાર થઈ ગઈ હતી. આ ચોરીની ઘટના રાત્રીના સુમારે બની હતી. આ ચોર મહિલાનો વિડીયો વાઈરલ થતા જ પોલીસ હરકતમાં આવી ગઈ હતી.બેટરી ચોરનાર મહિલા સે-૨૩ કડી કેમ્પસ પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં આવેલા છાપરામાં રહે છે. તે મુળ ડભોડાની સોનલ અશોક દંતાણી (ઉં.વ૩૦) હોવાનું સામે આવ્યું છે. તેની પાસે રહેલ થેલો ચેક કરતા બે બેટરી મળી આવી હતી. જેમાં એક બેટરી સે-૨૨ દવાની દુકાન પાસેથી તો બીજી બેટરી સે-૨૧ ગણપતિ મંદિર પાસે પડેલી લોંડીગ રીક્ષામાંથી ચોરી કરી હોવાની કબુલાત કરી છે.બનાવ અંગે સે-૨૧ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઔષધિય વનસ્પતિ ઉત્પાદનના મૂલ્યવર્ધન-માર્કેટીંગ શૃંખલા સુદૃઢિકરણ અંગે કાર્યશાળા યોજાઈ

ગુજરાત ઔષધિય વનસ્પતિ બોર્ડ અને ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્રના કૃષિ વિભાગ દ્વારા ગીર ફાઉન્ડેશન ખાતે આજે ઔષધિય વનસ્પતિ ઉત્પાદનના ખરીદ-ભાવનાબેન પટેલ, જીએએમએના પ્રમુખ જમનભાઈ માલવીયા, ઔષધિય વનસ્પતિની ખેતી, મૂલ્યવર્ધન અને બજાર વ્યવસ્થાના નિષ્ણાંતો ડૉ.



વેચાણને સુગમ બનાવવા માટે રાજયના તમામ જિલ્લાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓના ચેરમેન તથા સચિવોની કાર્યશાળા યોજવામાં આવી હતી. જેમાં ઔષધિય વનસ્પતિની ખેતી, મૂલ્યવર્ધન તથા બાર વ્યવસ્થામાં પડતી મુશ્કેલીઓ અને તેના નિવારણ માટે તલસ્પર્શી ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

ઔષધિય વનસપ્તિ અંગેની કાર્યશાળામાં ઔષધિય વનસ્પતિ બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી ડૉ. જગદીશ પ્રસાદ, કૃષિ બજાર અને ગ્રામ્ય અર્થતંત્રના નિયામક વાય.એ. બલોચ, આયુષ નિયામક એ.કે. વાર્ષ્ણેય, એસ.એન. ત્યાગી, ડૉ. શ્રી રામ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યશાળામાં ગુજકોસ્ટના પ્રિન્સીપલ સાન્ટીફિક ઓફિસર ડૉ. સંજીવ આચાર્ય તથા ગ્રામિણ વિકાસ ટ્રસ્ટના પ્રમુખ ડૉ. દિપક ચૌધરીએ માર્ગદર્શક પ્રેઝન્ટેશન રજુ કર્યા હતા. કાર્યશાળા એક તરફ ઔષધિય વનસ્પતિ ઉછેરનાર ખેડૂતોની આજીવિકાવર્ધન અને બીજી તરફ રાજયમાં આવેલ આયુર્વેદિક ફાર્મસીઓને ગુણવત્તાસભર ઔષધિય વનસ્પતિનો કાચો માલ પુરો પાડવાની દિશામાં મહત્વનું કદમ પુરવાર થશે.

## ગાંધીનગરમાં લેખક ડૉ. માસુંગ ચૌધરી સંપાદિત ‘આપણે આંજણા’ પુસ્તકનું શનિવારે વિમોચન

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતના ભાષાના સજ્જ યુવા લેખક-પત્રકાર ડૉ. માસુંગ ચૌધરી સંપાદિત ‘આપણે આંજણા’ પુસ્તકનો વિમોચન સમારોહ તા. ૧૯ ઓકટોબરને શનિવારે સાંજે ૫ કલાકે ગાંધીનગરના સેક્ટર-૭ સ્થિત અખિલ આંજણા ચૌધરી કેળવણી મંડળ સંચાલિત પી.કે. મહિલા આર્ટસ કોલેજમાં યોજાશે.

ગુજરાતના જાણીતા લેખક પદ્મશ્રી દેવેન્દ્ર પટેલના હસ્તે ‘આપણે આંજણા’ પુસ્તકનું



વિમોચન થશે. આ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે પ્રતિબદ્ધ તંત્રી અજય ઉમટ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશનના કુલપતિ ડૉ. હર્ષદ પટેલ અને સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ બીજરૂપ વકત્તવ્ય આપશે. આંજણા મહાસભાના અધ્યક્ષ વિરજીભાઈ જુડાલ, અખિલ આંજણા ચૌધરી કેળવણી મંડળ-ગાંધીનગરના પ્રમુખ હરિભાઈ ચૌધરી, આંજણા ચૌધરી સેવા મંડળના પ્રમુખ કનુભાઈ ચૌધરી અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમની રજૂઆત કવિ હરદ્વાર ગોસ્વામી કરશે. આંજણા યુવક મંડળના પ્રમુખ ચિરાગ પટેલે સમગ્ર વિમોચન સમારોહનું સંયોજન કર્યુ છે.

આ પ્રસંગે માસુંગ ચૌધરીએ કહ્યું છે કે ‘આપણે આંજણા’ પુસ્તકમાં આંજણા સમાજનો સળંગ ઈતિહાસ નથી. પરંતુ આજની યુવા પેઢી અને આવનારી પેઢી આંજણા સંસ્કૃતિ પરંપરા અને જીવનશૈલીથી વાકેફ થાય, એટલી માહિતી ઉપલબ્ધ કરાવવાની કોશિશ કરી છે. મારો પ્રયત્ન છે કે ‘આપણે આંજણા’ પુસ્તક સતત સંવર્ધિત થતું રહે અને આંજણા સમાજ વિશેની માહિતી ઉમેરાતી રહેશે.

## અસારવાથી હિંમતનગરની બ્રોડગ્રેજની પ્રથમ ડેમુ ટ્રેનનું ડભોડામાં હર્ષોલ્લાસ સ્વાગત કરાયું

### ટ્રેન પર સુપ્રસિદ્ધ હનુમાનદાદાની શ્રદ્ધાભેર ધજા લગાડી પ્રસ્થાન કરાયું

અમદાવાદ-ઉદેપુર રેલવે લાઈનનું બ્રોડગ્રેજનું રૂપાંતર થયા બાદ મંગળવારે બપોરે પ્રથમવાર શરૂ કરવામાં આવેલી અસારવાથી હિંમતનગર ડેમુ ટ્રેનનું ડભોડા રેલવે સ્ટેશન ખાતે ગ્રામજનો દ્વારા હર્ષોલ્લાસ સાથે અબીલ-ગુલાલ, કંકુ અને ફુલહાર પહેરાવી ડભોડાના સરપંચ તથા હનુમાન મંદિર ટ્રસ્ટી મંડળ દ્વારા ટ્રેન ઉપર ડભોડિયા હનુમાન મંદિરની ધજા શ્રદ્ધાથી લગાડી ટ્રેનને આવકારી સ્વાગતવિધિ કરી ટ્રેનને દહેગામ રૂટ પર ઉત્સાહપૂર્વક પ્રસ્થાન કર્યુ હતુ. આ પ્રસંગે ડભોડા રેલવે સ્ટેશન માસ્તર સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહી ટ્રેનને લીલી ઝંડી આપીને સ્ટેશન પરથી ઉમંગભેર પ્રસ્થાન કરાવ્યુ હતુ. હવેથી ડભોડા રેલવે સ્ટેશન ટ્રેનથી ધમધમાટ શરૂ થતાં મુસાફરોને ખૂબજ રાહત થશે. આ પ્રસંગથી ગ્રામજનોમાં અનેરો આનંદ જોવા મળી રહ્યો છે.



## ગાંધીનગર જિલ્લામાં ઓનલાઇન વારસાઇ સુવિધા શરૂ કરાઈ

ગાંધીનગર, તા. ૧૬

રાજય સરકાર દ્વારા વિવિધ મહેસૂલી સેવાઓ ઓનલાઈન કરવામાં આવી રહી છે. ત્યારે ખાસ કરીને ઓનલાઈન એન.એ.ને મળેલ પ્રતિસાદના પગલે રાજય સરકાર દ્વારા ખેતી-બિન ખેતીના પ્રિમિયમની પરવાનગી પણ ઓનલાઈન આપવા રાજય સરકારે વિચારણા કરી છે. આમ મહેસૂલી સેવાઓ ઓનલાઈન થવાથી કાર્યપધ્ધતિ ઝડપી, સરળ અને પારદર્શક બની છે.

રાજય સરકાર દ્વારા આ દિશામાં વધુ એક સેવા ‘‘વારસાઈ’’ ફેરફાર નોંધની અરજી પણ ઓનલાઈન કરવા નિર્ણય કરવામાં આવ્યો છે.

હાલમાં વારસાઈની ફેરફારની નોંધની અરજી અરજદાર દ્વારા નિયત કરેલ અરજી ફોર્મમાં જરૂરી પુરાવા જેવા કે મૂત્યુનું પ્રમાણપત્ર, તલાટી દ્વારા મંજુર થયેલ અસલ પેઢી નામુ તથા કબજેદારોના સંમતિ દર્શક સોગંદનામા સાથે ઈધરા કેન્દ્રમાં રજૂ કરવાનું થાય છે. જે ઈ-ધરા નાયબ મામલતદાર દ્વારા ચકાસી તમામ પુરાવાઓ રજૂ કરેલ હોય કે ના હોય તો પણ કાચી નોંધ પાડવામાં આવે છે તથા અરજદારોને જે રસીદ આપવામાં આવે છે તેમાં ખૂટતા પુરાવાઓની વિગતો દર્શાવવામાં આવે છે અને જરૂરી પુરાવાઓ રજૂ થયેલ હોય તો કાચી ફેરફાર નોંધ જનરેટ થયા બાદ અરજદાર અને સંબંધિતોને કલમ-૧૩ડીની નોટીસ મોકલી આપવામાં આવે છે.

હવે, આ સેવૌં-ઈછ પોર્ટલ પર વારસાઈ નોંધની ઓનલાઈન અરજી કરવામાં આવશે. અરજી કરવા સૌ પ્રથમ **I-ORA https://lora gujarat. gov.in** માં **on Line Aplication** કરવાની રહેશે.

માત્ર **I-ORA** પોર્ટલ પરથી પ્રિન્ટ કરેલ અરજીપત્રક જ માન્ય ગણાશે આ સિવાય અન્ય કોઈ રીતે બનાવેલ અરજી પત્રકની નોંધ ના મંજૂર થશે. તેની ખાસ નોંધ લેવા જણાવાયું છે.

આમ ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા પૂર્ણ થયે એટલે આપની અરજી જે તે તાલુકાના ઈ-ધરા કેન્દ્રમાં આગળની પ્રક્રિયા માટે સબમીટ થશે. અસલ અરજીપત્રક, અસલ મરણ પ્રમાણપત્ર પેઢીનામાની નકલ, નોંધ જનરેટ કર્યાની પહોંચ અને અન્ય જરુરી કાગળો જે તે તાલુકાના ઈ-ધરા કેન્દ્રમાં રૂબરૂ અથવા રજીસ્ટર પોસ્ટથી મોડામાં મોડુ ૧૫ દિવસમાં પહોંચાડવાના રહેશે. જયારે અરજીની સ્થિતિએ અને નિકાલની વિગતો સમયાંતરે આપને મોબાઈલ અને ઈ-મેલ મારફત મોકલી આપવામાં આવશે તેમ જિલ્લા કલેકટર કુલદીપ આર્યએ જણાવ્યું છે.



## ગાંધીનગર શહેરના ગ-માર્ગ પર ડો. આંબેડકર હોલ પાસે અકસ્માત

ગાંધીનગર શહેરના ગ-માર્ગ પર ડૉ. આંબેડકર હોલ પાસે મોડી સાંજે બે વાહનો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ વ્યક્તિઓને ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે આસપાસમાંથી મોટી સંખ્યામાં નાગરિકો એકઠાં થઈ ગયા હતા અને ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. ત્યાંથી બે દર્દીઓને અમદાવાદ ખાતે સઘન સારવાર અર્થે લઈ જવાયા હતા.

## ખેડૂતોની આવક બમણી કરવાનો સરળ માર્ગ-પાલેકરજી પ્રેરિત પ્રાકૃતિક કૃષિ

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતે પદ્મશ્રી સુભાષ પાલેકરજી પ્રેરિત પ્રાકૃતિક કૃષિ સંદર્ભે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૨ સુધીમાં દેશભરના ખેડૂતોની આવક બમણી કરવાનો સંકલ્પ કર્યો છે, ત્યારે સુભાષ પાલેકર પ્રેરિત પ્રાકૃતિક કૃષિ જ ખેડૂતોની આવક બમણી કરવાનો એકમાત્ર સરળ માર્ગ છે.

રાજયપાલશ્રીએ રાજયમાં સુભાષ પાલેકરજી પ્રેરિત પ્રાકૃતિક કૃષિ અભિયાન સંદર્ભે રાજભવન, ગાંધીનગર ખાતે રાજય સરકારના વરિષ્ઠ મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓની મળેલી સમીક્ષા બેઠકના અધ્યક્ષસ્થાનેથી એમ પણ જણાવ્યુ હતું કે, સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિમાં ઓછા ખર્ચે પુરતું ઉત્પાદન મેળવીને ખેડૂતો આર્થિક રીતે સદ્ધર બની શકે છે, એટલું જ નહીં, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના ઝેરથી મુક્ત કૃષિ ઉત્પાદનો મળવાથી લોકોના સ્વાસ્થ્યની પણ રક્ષા થશે.

આ સમીક્ષા બેઠકમાં ખાસ ઉપસ્થિત રહેલા પદ્મશ્રી સુભાષ પાલેકરજીએ જણાવ્યું હતું કે, આઝાદી સમયે રાસાયણિક ખેતી સમયની માંગ હતી હવે આ જ રાસાયણિક કૃષિ ખેડૂતો માટે બોજરૂપ બની રહી છે. કૃષિ ક્ષેત્રે વધતો જતો ઉત્પાદન ખર્ચ અને જમીનની ઘટતી જતી ફળદ્રુપતાએ કિસાનોની આર્થિક સ્થિતિ તંગ કરી દીધી છે. ત્યારે સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ દ્વારા ખેડૂતો ઉત્પાદન ખર્ચ ઘટાડીને પુરતું કૃષિ ઉત્પાદન મેળવી શકે છે. તેમણે જણાવ્યું હતુ કે આ પદ્ધતિથી રાસાયણિક ખાતર અને જંતુનાશકોના ખર્ચથી ખેડૂતો બચશે. ખેતી લાયક જમીનની ફળદ્રુપતા બરાબર જળવાઈ રહેશે અને આ પદ્ધતિ દ્વારા મળતું કૃષિ ઉત્પાદન રાસાયણિક ખાતર અને જંતુનાશકોના ઝેરથી મુક્ત હોવાથી લોકોના સ્વાસ્થ્યની રક્ષા થશે. સુભાષ પાલેકરજીએ પ્રાકૃતિક કૃષિના તેમના અનુભવોને ગુજરાતના પ્રત્યેક ખેડૂતો સુધી પહોંચાડવા એક અભિયાન શરૂ કરીને જનશક્તિના બળથી પ્રાકૃતિક કૃષિના સંકલ્પને સાકાર કરવા ઉપસ્થિત સૌને આહવાન કર્યુ હતુ.

આ પ્રસંગે કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ પૂનમચંદ પરમાર, ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવ એસ.જે. હૈદર, પશુપાલન વિભાગના સચિવ મનીષ ભારદ્વાજ, જળ સંપત્તિ વિભાગના સચિવ એમ.કે. જાદવ, આત્માના ડાયરેક્ટર પંચાલ, સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિના ગુજરાત પ્રાંતના સંયોજકો પ્રફુલભાઈ સેંજલિયા, દિક્ષિત પટેલ સહિતના ઉચ્ચ અધિકારીઓ, મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## મતદાર શિક્ષણ-જાગૃતિ અંગે પ્રચાર-પ્રસારની શ્રેષ્ઠ કામગીરી માટે મીડિયા હાઉસને એવોર્ડ અપાશે

### એવોર્ડ માટે પ્રિન્ટ, ઇલેક્ટ્રોનિક્સ ટેલીવિઝન-રેડિયો તેમજ ઓનલાઇન/સોશિયલ મીડિયાની પસંદગી કરાશે

ગાંધીનગર, તા. ૧૬

ભારતીય ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા વર્ષ-૨૦૧૯માં દેશમાં મતદાર શિક્ષણ અને મતદાર જાગૃતિ સંબંધી પ્રચાર-પ્રસારની ઉત્તમ પ્રકારની કામગીરી કરનાર મીડિયા હાઉસને એવોર્ડ આપી સન્માનિત કરાશે. આ માટે ચૂંટણી પંચે (૧) પ્રિન્ટ મીડિયા (૨) ઈલેક્ટરોનિક મીડિયા-ટેલીવિઝન (૩) ઈલેક્ટ્રોનિક મીડિયા-રેડિયો તેમજ (૪) ઓન લાઈન (ઈન્ટરનેટ/સોશિયલ મીડિયા) એમ ચાર કેટેગરી મુજબ જુદાજુદા એવોર્ડ અપાશે.

આ બાબતે રસ ધરાવતા મીડિયા હાઉસ-સંસ્થાઓએ તા.૨૪ ઓકટોબર-૨૦૧૯ સુધીમાં પોતાની દરખાસ્ત અંગ્રેજી-હિન્દીમાં હાર્ડ તથા સોફ્ટ કોપીમાં (.docxફાઈલમાં) આપવાની રહેશે. જો મીડિયા હાઉસ દ્વારા કરવામાં આવેલી કામગીરીની વિગતો અંગ્રેજી/હીન્દી સિવાયની ભાષામાં હોય તો તેનું અંગ્રેજીમાં અનુવાદ કરી મોકલવાની રહેશે. આ દરખાસ્તમાં મીડિયા હાઉસનું નામ, સરનામું, ટેલિફોન નંબર, ઈ-મેઈલ એડ્રેસ વગેરે બાબતોનો ઉલ્લેખ કરવો જરૂરી છે. સંબંધિત મીડિયા હાઉસે પોતાની દરખાસ્ત મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, સામાન્ય વહીવટ વિભાગ, બ્લોક નંબર-૭, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર, ઈમેઈલ : sunilpateloffice@gmail. com, ujtrivedioffice@gmail. com મોકલી આપવાની રહેશે. આ અંગે વધુ વિગત માટે સ્વીપ બ્રાન્ચ, ૦૭૯ ૨૩૨ ૫૫૭૪૬ ઉપર સંપર્ક કરી શકાશે.

અત્રે નોંધનીય છે કે, મીડિયા હાઉસ-સંસ્થાઓ પોતાની દરખાસ્ત સીધે સીધી ચૂંટણી પંચને પણ નિયત સમયમર્યાદામાં કરી શકશે જેની જાણ પણ મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગાંધીનગરને કરવાની રહેશે તેમ, અધિક મુખ્ય નિર્વાચન અધિકારી, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.


**INDIAN INSTITUTE OF TEACHER EDUCATION**

Ramkrishna Paramhans Education Complex,
Nr. Mahatma Mandir, “KH”-5, Sectro 15, Gandhinagar.
Phone - : 079-23243733.

**ઓફ લાઈન ટેન્ડર મેળવવા અંગે**

આઈ.આઈ.ટી.ઈ.ગાંધીનગરનાં મુખ્ય સંકુલ ખાતેનાં સિવિલ વર્ક અને તેને આનુસાંગિક કામગીરી માટે કોન્ટ્રાકટરો પાસેથી કામગીરી માટે ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. ટેન્ડર અંગેની વિગતો તેમજ મોકલવા અંગેની વિગતો આઈ.આઈ.ટી.ઈ.ગાંધીનગર ખાતેથી મેળવવાની રહેશે., ટેન્ડર તા.૧૭/૧૦/૨૦૧૯ થી તા.૨૧/૧૦/૨૦૧૯, સમય ૧૪.૦૦ કલાક સુધીમાં ભરીને પહોચાડવાના રહેશે.

**સ્થળ:- ગાંધીનગર** **કા.કુલસચિવ**
**તારીખ : ૧૬/૧૦/૨૦૧૯** **આઈ.આઈ.ટી.ઈ.**


## સાસણગીર સિંહ દર્શન માટે ખુલતાં પ્રવાસી ખુશખુશાલ

એશિયાટીક સિંહોનું ઘર ગણાતું સાસણ ખાતે સિંહોનું વેકેશન પૂર્ણ થતાં આજે વહેલી સવારે પ્રવાસીઓ મોટી સંખ્યામાં સિંહ દર્શન માટે સાસણ સિંહ સદન ખાતે ઉમટી પડ્યા હતા. સાસણ એટલે કે સિંહોનું ઘર કે જયાં સિંહોનું ચાર મહિનાનું સંવનનકાળ વેકેશન આજે પૂરું થતાં સવારના છ વાગ્યાથી ગીર અભ્યારણ પ્રવાસીઓ માટે વિધિવત ખુલ્લું મુકવામાં આવ્યું હતું. સિંહોની વસ્તીમાં ૩૫ ટકાનો ગ્રોથ વધતા પ્રવાસીઓને મોટી સંખ્યામાં સિંહો જોવા મળવાના હોઈ પ્રવાસીઓ ખુશીથી ઝુમી ઉઠયા હતા. ખૂબ મોટી સંખ્યામાં હવે પ્રવાસીઓ સાસણ ગીરની મુલાકાતે ઉમટી રહ્યા છે અને અત્યારથી દિવાળી સુધીનું બુકીંગ ફુલ થઈ ગયુ છે. ચોમાસાની ઋતુ મોટાભાગના વન્યજીવો માટે સંવનનકાળ ગણવામાં આવે છે.


**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

**જાહેરાત નંબર : એબી/ટીસી/૦૧, સને ૨૦૧૯-૨૦**
**ટેન્ડર આઈડી નં. ૩૮૦૩૪૯**

**ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પલાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬**

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ, (ગ-રોડ), ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી “Procurement of Certified Reference Material (C.R.M.), માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ઠેકેદારે ટેન્ડરની શરતો પ્રમાણે ઉત્તીર્ણ થવાનું રહેશે. જે કામોની અંદાજીત કિંમત રૂ. ૧૬.૦૭ લાખ, બાનાની રકમ રૂ. ૧૬૦૭૪/-, ટેન્ડર ફી રૂ. ૯૦૦/- છે. ટેન્ડર ઓનલાઈન સબમીશન કરવાની છેલ્લી તારીખ ૬/૧૧/૨૦૧૯ના ૧૮.૦૦ કલાક સુધી છે. ટેન્ડર ડોક્યુમેન્ટ્સ.હ્લ્ષ્ઠિી.ર્ષ્દ્બ પર ઉપલબ્ધ છે. બોર્ડને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે.

માહિતી/૧૩૦૫/૧૯-૨૦